# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-08-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા' અભિયાન દેશભરમાં ઝડપથી ગતિ પકડી રહ્યું છે. આજે સવારે આકાશવાણી પર 'મન કી બાત ' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા, શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે માદક પદાર્થ મુક્ત યુવાનો અને માદક પદાર્થ મુક્ત ભારત માટેના ધ્યેય સાથેનું અભિયાન ફક્ત ઔપચારિકતા નથી કારણ કે તેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે , આ ભારતના યુવાનોના સ્વાસ્થ્ય , ખુશી અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો સામૂહિક સંકલ્પ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે , 'પીએમ સ્વનિધિ યોજના ' દ્વારા લાખો મહિલાઓ નવી શક્તિ મેળવી રહી છે. તેમણે ઉમેર્યું , 'પીએમ સ્વનિધિ યોજના'ના લાભાર્થીઓમાં મહિલાઓનો હિસ્સો આશરે 46 ટકા છે.

શ્રી મોદીએ કહ્યું કે , આજે દેશની દીકરીઓના સપનાઓની ઉડાન પૃથ્વીથી બાહ્ય અવકાશ તરફ વધી રહી છે. તેમણે કહ્યું કે , ભારત વિશ્વભરમાંથી હજારો દીકરીઓને એકસાથે લાવી રહ્યું છે જે આવા સપનાઓને પોષી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે , આ પહેલનું નામ 'મિશન શક્તિસેટ' છે.

**(BYTE : PM ON MISSION SHAKTI)**

# PM - MANN KI BAAT - 2

શ્રી મોદીએ કહ્યું કે , આ વખતે , આઠ કરોડથી વધુ 'તિરંગા સેલ્ફી' અપલોડ કરવામાં આવી હતી. તેમણે લોકોને આ તહેવારોની મોસમ દરમિયાન 'વોકલ ફોર લોકલ ' બનવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ ભારત આત્મનિર્ભર બનવાનો માર્ગ મોકળો થશે.

**(BYTE : MKB VOCAL FOR LOCAL)**

# DANG MONSOON FESTIVAL

ડાંગ જિલ્લાના સાપુતારામાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સંગીતમય માહોલ વચ્ચે મોન્સૂન ફેસ્ટિવલ- 2026નું સમાપન થયું. સમાપન પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યા હતા.

શ્રાવણ માસની પવિત્રતાને અનુરૂપ શિવભજનો અને ભક્તિ સંગીતની સુંદર પ્રસ્તુતિથી સાપુતારાનું સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કુદરતી રમણીયતા વચ્ચે યોજાયેલા મોન્સૂન ફેસ્ટિવલના વિવિધ કાર્યક્રમોએ પ્રવાસીઓને સંગીત, સંસ્કૃતિ, ભક્તિ અને મનોરંજનનો અનોખો સંગમ પૂરો પાડ્યો હતો.

# MSN DAMRU YATRA

રાજ્યના ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં આજે મહેસાણાના વડનગરમાં 'શ્રાવણ ઉત્સવ- 2026' અંતર્ગત ભવ્ય ડમરુ યાત્રાનું આયોજન કરાયું હતું. 108 કલાકારોએ એકસાથે ડમરુ વાદન કરીને અદભૂત વાતાવરણ સર્જ્યું હતું. જે શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ યાત્રાનો પ્રારંભ વડનગરના અમરથોળ વિસ્તારથી કરાયો હતો. વિવિધ માર્ગો પર ભ્રમણ કર્યા બાદ આ ડમરુ યાત્રા અમતોલ દરવાજા થઈને વડનગરના શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે સંપન્ન થઈ હતી. યાત્રાના માર્ગ પર ડમરુના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું . આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કલા અને શ્રાવણ માસના આધ્યાત્મિક મહત્વને જન-જન સુધી પહોંચાડવાનો છે.

# BHAVNAGAR TRAGEDY UPDATE

ભાવનગર બનાવટી માદક દ્રવ્યના સેવનથી સર્જાયેલી દુર્ઘટનાના વધુ 6 આરોપી ઝડપાયા છે. અમારા પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે નવા ઝડપાયેલા છ આરોપીઓને અદાલતમાં રજૂ કરાતા અદાલતે બાબતની તમામ છ આરોપીઓના 7 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન બનાવટી માદક દ્રવ્યના પૂરવઠા શૃંખલા , મધ્યપ્રદેશ સાથેના જોડાણ તેમજ સમગ્ર પ્રકરણમાં અન્ય સંડોવાયેલા શખ્સો અંગે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવશે. આ સાથે ધરપકડ કરાયેલા કુલ આરોપીની સંખ્યા 37 થઈ છે.

# AKASHVANI PLANTATION

આકાશવાણી અમદાવાદ પરિસરમાં આજે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. એક પ્રકૃતિપ્રેમી સંસ્થા દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં આકાશવણીના કર્મચારીઓ, સંસ્થાના પ્રતિનિધિઓ સહિત બાળકોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે પરિક્ષેત્ર વન અધિકારી એમ આર દાંતણીયાએ લોકોને વધુને વધુ વૃક્ષો વાવવા અપીલ કરી.

(બાઇટ : એમ. આર. દાંતણીયા, RFO)

# WOMENS-ASIACUP T -20

ભારતીય મહિલા ટીમ આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં થાઇલેન્ડ સામે રમશે. દુબઈમાં આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

ભારત કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. સ્મૃતિ મંધાના ઉપ-કેપ્ટન હશે. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો છે. ભારત ગ્રુપ A માં થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે છે.